


જૈન દર્શનાનુસારે - વિશ્વદર્શન-૧૪ રાજલોક - અનંત અલોક
લોકાગ્ર ભાગ
અનંત
અલોકાકાશ
સિદ્ધ શિલા
પાંચ અનુત્તર
ઉર્ધ્વ લોક
૧૨ વૈમાનિક દેવલોક
૩
૨
૧
અનંત
અલોકાકાશ
મધ્ય લોક
તિર્છા લોક
મેરુ પર્વત
અસંખ્ય દ્વીપ સમુદ્રો
નરક-૧
નરક-૨
નરક-૩
નરક-૪
નરક-૫
નરક-૬
અનંત
અલોકાકાશ
અધો લોક
અલોક ---- ત્રસનાડી ---- અલોક

## ૪-૧૧ ભવનવાસિનો ઽસુરનાગવિધુત્સુવર્ણાગ્નિવાતસ્તનિતોદધિદ્વીપદિક્કુમારા :

ભવનવાસિન: અસુર -નાગ - વિધુત -સુવર્ણ અગ્નિ - વાત, સ્તનિત - ઉદધિ - દ્વીપ -દિક્ - કુમારા:

<u>અર્થ:</u> ભવનપતિ દેવોના કુલ ૧૦ ભેદ છે. જે આ પ્રમાણે છે.

(૧) અસુરકુમાર (૨) નાગકુમાર (૪) સુવર્ણકુમાર (૫) અગ્નિકુમાર (૬) વાયુકુમાર (૭) સ્તનિતકુમાર (૮) ઉદધિકુમાર (૯) દ્વીપકુમાર (૧૦) દિક્કુમાર અને (૩) વિધુત્ કુમાર. દરેક ભેદમાં બે, બે ઇંદ્રો છે. કુલ ૨૦ ઇંદ્રો છે.

ભવનપતિના દેવો ક્યાં રહે છે ?

રત્નપ્રભા પ્રુથ્વીનું પિંડ ૧ લાખ ૮૦ યોજન છે. તેમાં ઉપર - નીચેના એક હજાર યોજન છોડતા બાકીના ૧ લાખ ૭૮ હજાર યોજનમાં પહેલી નારકીના ૧૩ પ્રતર આવેલા છે. આ તેર (૧૩) પ્રતરના આંતરામાં (બે આંગળીને પહોળી કરતા વચ્ચેના પોલા ભાગને આંતરૂ કહેવાય ) ભવનપતિ દેવોના ભવનો છે. પહેલા અને છેલ્લા આંતરા ને છોડતા વચ્ચેના ૧૦ આંતરામાં ભવનપતિના દેવો રહે છે.

## ૪-૧૨ વ્યન્તરા: કિન્નર-કિંપુરૂષ-મહોરગ-ગાન્ધર્વ-યક્ષ-રાક્ષસ-ભૂત-પિશાચા:

કિન્નર, કિંપુરૂષ, મહોરગ, ગાંધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચ એ પ્રમાણે <u>વ્યંતર નિકાયના આઠ ભે</u>દ છે.

વ્યંતર દેવો ગામમાં વધુ રહે છે. જ્યારે વાણવ્યંતર દેવોપર્વત, ગુફા તથા જંગલમાં વધુરહે છે. વાણ એટલે વન. જેમને વન પ્રિય છે તે વાણવ્યંતર. વાણવ્યંતર દેવો પણ ૮ પ્રકારના છે. વ્યંતર નિકાયના દરેકના બે ઇંદ્રો છે અને વાણવ્યંતર દેવોમાં પણ બે ઇંદ્રો છે. બંનેમાં કુલ ૧૬, ૧૬ ઇંદ્રો છે.

## ૪-૧૩ જ્યોતિષ્કા: સૂર્યાશ્ચન્દ્રમસો ગ્રહ નક્ષત્ર પ્રકીર્ણ તારકાશ્ચ

જ્યોતિષ્કા : સૂર્યા: ચન્દ્રમસ:ગ્રહ નક્ષત્ર <u>પ્રકીર્ણ</u> તારકા: ચ → છુટા લખવા

જ્યોતિષ્કનિકાયના પાંચ ભેદ છે ત નીચે પ્રમાણે છે.

(૧) સૂર્ય (૨) ચંદ્ર (૩) ગ્રહો (૪) નક્ષત્રો અને (૫) તારા

હવે આ જ્યોતિષ્ક વિમાનો કયાં રહે છે તે જોઇએ.

આ વિશ્વનું જે ભૂમિનું સરખું લેવલ છે તેને સમભૂતલા કહે છે. સમ = સરખી, ભૂ = પ્રુથ્વી અને તલ = તળિયું. ૧૪ રાજલોકના મધ્યમાં મેરૂ પવત છે. મેરૂની અંદરના મધ્યભાગને સમભૂતલા કહે છે.

સમભૂતલા પ્રુથ્વીથી ૭૯૦ યોજન ઉપર <u>તારા</u> આવેલા છે. તેનાથી દસ(૧૦) યોજન ઉપર <u>સૂર્ય</u>, તેનાથી એંશી (૮૦) યોજન ઉપર <u>ચંદ્ર</u>, તેનાથી ચાર યોજન ઉપર <u>નક્ષત્ર</u>, તેનાથી ચાર યોજન ઉપર <u>બુધ</u>, તેનાથી ત્રણ યોજન ઉપર <u>શુક્ર</u>,તેનાથી ત્રણ યોજન ઉપર <u>ગુરૂ</u>, તેનાથી ત્રણ યોજન ઉપર <u>મંગળ</u> અને તેનાથી ત્રણ યોજન ઉપર <u>શનિ</u> આવેલ છે.

આ પ્રમાણે સંપુર્ણ જ્યોતિષ ચક્ર ઉંચાઇમાં ૧૧૦ યોજન અને લંબાઇમાં અસંખ્ય દ્વીપ-સમુદ્ર પ્રમાણ છે. ૭૯૦ યોજનથી શરૂ થાય અને ૯૦૦ યોજન પર જ્યોતિષ્ક દેવો પુરા થાય.

## ૪-૧૪ મેરૂપ્રદક્ષિણા નિત્યગતયોનૃલોકે

ઉપર જણાવેલ પાંચ પ્રકારના (સૂર્ય-ચંદ્ર- ગ્રહ-નક્ષત્ર-તારા) જ્યોતિષ્કના વિમાનો મનુષ્યલોકમાં હંમેશા મેરૂ પર્વતને પ્રદક્ષિણા આપતા પરિભ્રમણ કરે છે.

| મનુષ્યલોકમાં (અઢી-દ્વીપમાં) | સૂર્ય કેટલા ? | ચંદ્ર કેટલા ? |
|---|---|---|
| જંબુદ્વીપ | ૨ સૂર્ય | ૨ ચંદ્ર |
| લવણસમુદ્ર | ૪ સૂર્ય | ૪ ચંદ્ર |
| ધાતકીખંડ | ૧૨ સૂર્ય | ૧૨ ચંદ્ર |
| કાલોદધિસમુદ્ર | ૪૨ સૂર્ય | ૪૨ ચંદ્ર |
| અર્ધપુષ્કર | ૭૨ સૂર્ય | ૭૨ ચંદ્ર |
| અઢીદ્વીપમાં | ૧૩૨ સૂર્ય | ૧૩૨ ચંદ્ર |

### ૪- ૧૫ તત્કૃતઃ કાલવિભાગઃ

તદ - કૃતઃ કાલ વિભાગઃ

જ્યોતિષ્ક વિમાનોની ગતિથી કાળની ગણતરી થાયછે. દિવસ અને રાત્રિનો વ્યવહાર સૂર્ય વડે અને તિથિનો વ્યવહાર ચંદ્ર વડે થાય છે. સૂર્યને બે ઘડી ચંદ્ર સ્પર્શતો હોય તો બીજ કહેવાય, ત્રણ ઘડી સ્પર્શતો હોય તો ત્રીજ કહેવાય.

### ૪- ૧૬ બહિરવસ્થિતાઃ

બહિઃ અવસ્થિતાઃ

મનુષ્યલોકની બહાર સર્વ જ્યોતિષ્ક વિમાનો સ્થિર ( અવસ્થિત ) છે. સૂર્ય-ચંદ્ર વિમાનોના કિરણો સમશીતોષ્ણ હોવાથી સુખાકારી છે. ચંદ્રના કિરણો અત્યંત શીતળ હોતા નથી અને સૂર્યના કિરણો અત્યંત ઉષ્ણ નથી. સૂર્ય - ચંદ્રની પ્રદક્ષીણા ન હોવાથી ત્યાં રાત્રિ-દિવસનો કાળ નથી. એટલે વ્યવહારકાળ અઢી દ્વીપમાં જ છે.

### ૪- ૧૭ વૈમાનિકાઃ

વિમાનમાં ઉત્પન્ન થનારા દેવો વૈમાનિક કહેવાય છે.

### ૪- ૧૮ કલ્પોપપન્નાઃ કલ્પાતીતાશ્ચ

વૈમાનિક દેવોના બે પ્રકાર છે. (૧) કલ્પોપપન્ન અને (૨) કલ્પાતીત. કલ્પ એટલે નાના મોટાની મર્યાદા. કલ્પોપપન્ન દેવોમાં સમાજ વ્યવસ્થા હોય છે. કલ્પાતીત દેવોમાં સ્વામી-સેવકની મર્યાદા નથી.

પ્રથમના ૧૨ દેવલોકમાં કલ્પ હોવાથી તેમાં ઉત્પન્ન થયેલા દેવો કલ્પોપપન્ન છે. નવગ્રૈવેક તથા પાંચ અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થયેલા દેવો કલ્પાતીત છે, તેમાં નાના-મોટાનો ભેદ નથી. ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્ક નિકાયના દેવો કલ્પોપપન્ન છે.

### ૪- ૧૯ ઉપર્યુપરિ

ઉપરિ - ઉપરિ

વૈમાનિક નિકાયના દેવલોક ઉપર ઉપર આવેલા છે.

### ૪- ૨૦ સૌધર્મૈશાન - સનત્કુમાર - માહેન્દ્ર - બ્રહ્મલોક -લાન્તક - મહાશુક્ર - સહસ્ત્રારેષ્વાનત - પ્રાણતયોરારણાચ્યુતયોર્નવસુ ગ્રૈવેયકેષુ વિજય - વૈજયન્ત -જયન્તાપરાજિતેષુ સર્વાર્થસિધ્ધે ચ

બ્રહ્મલોક

સૌધર્મ - ઇશાન - સનત્કુમાર - માહેન્દ્ર - બ્રહ્મલોક - લાન્તક - મહાશુક્ર સહસ્ત્રારેષુ - આનત - પ્રાણતયોઃ - આરણ - અચ્યુતયોઃ નવસુ ગ્રૈવેકેષુ વિજય - વૈજયંત - જયંત - અપરાજિતેષુ સર્વાર્થસિધ્ધે ચ.

| દેવલોક | નામ | કેવી રીતે ગોઠવાયેલ છે ? | |
|---|---|---|---|
| ૧ - ૨ | સૌધર્મ-ઇશાન | સમ - શ્રેણીમાં | **horizontal** |
| ૩ - ૪ | સનત્કુમાર-માહેન્દ્ર | સમ - શ્રેણીમાં | **horizontal** |
| ૫ | બ્રહ્મલોક બ્રહ્મલોક | ઉપરા ઉપરી સમ શ્રેણીમા | **vertical** |
| ૬ | લાન્તક | ઉપરા ઉપરી સમ શ્રેણીમા | ,, |
| ૭ | મહાશુક્ર | ઉપરા ઉપરી સમ શ્રેણીમા | ,, |
| ૮ | સહસ્રાર | ઉપરા ઉપરી સમ શ્રેણીમા | ,, |
| ૯ - ૧૦ | આનત- પ્રાણત | સમશ્રેણીમાં | **horizontal** |
| ૧૧ - ૧૨ | આરણ-અચ્યુત | સમશ્રેણીમાં | **horizontal** |

ઉપરના બાર દેવલોકથી ઉપર ત્રણ-ત્રણના ગ્રુપમાં નવ (૯) ગ્રૈવેયક દેવો છે.

ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી તત્વાર્થાધિગમ સુત્ર

અધ્યાય ૪: (૪:૨૧-૪:૨૨)

૪-૨૦(ચા◼લુ)

ડોક (ગળુ) ના અલંકારને ગ્રૈવેયક કહે છે. ચૌદ રાજલોક વિશ્વને આપણે કેડે હાથ રાખીને ઉભેલા પુરૂષની ઉપમા આપીએ તો તે પુરૂષના ગળાના સ્થાને નવગ્રૈવેયક દેવલોક છે.નવ ગ્રૈવેયકથી ઉપર પાંચ (૫)અનુત્તર દેવલોક છે. જેમના નામ અનુક્રમે વિજય - વિજયંત - જયંત - અપરાજિત અને સર્વાર્થસિધ્ધ છે. જેમાં સર્વાર્થસિધ્ધ વચ્ચે છે બાકીના ચાર (૪), ચારે દિશામાં આવેલા છે. પાંચ અનુત્તર દેવલોકમાં ઉત્પન્ન થનારા જીવો અલ્પસંસારી હોય છે. બહુજ ઓછા ભવમાં મોક્ષ પામે છે. સર્વાર્થસિધ્ધ વિમાનમાં ઉત્પન્ન થનારા જીવો એકાવતારી છે, એટલે એક ભવ કરીને મોક્ષમાં જાય છે. પાંચ અનુત્તર દેવલોકની ઉપર સિધ્ધશીલા છે. અને તેનાથી ઉપર મોક્ષના જીવો હોય છે.

ઉપર જે બાર (૧૨) દેવલોક જણાવ્યા તેમાં ત્રણ કિલ્બીષિક દેવો છે જેઓ હલકુ કામ કરે છે. પહેલો કિલ્બીષિક પહેલા - બીજા દેવલોકની નીચે છે. બીજો કિલ્બીષિક ત્રીજા દેવલોકની નીચે છે. અને ત્રીજો કિલ્બીષિક છઠ્ઠા દેવલોકની નીચે છે. પાંચમા દેવલોકની બાજુમાં નવ લોકાન્તિક દેવો છે. તેઓ મોટા ભાગે એકાવતારી હોય છે.

નોંધ દેવલોકનું વર્ણન અને સ્થાનો વાંચતી વખતે ૧૪ રાજલોકનું ચિત્ર (પાનું -138-**handout** જુઓ) સામે રાખો.

## ૪-૨૧ સ્થિતિ - પ્રભાવ - સુખ - ધ્યુતિ -લેશ્યા - વિશુધ્ધીન્દ્રિયાડવધિવિષયતોડધિકાઃ

સ્થિતિ - પ્રભાવ - સુખ - ધ્યુતિ - લેશ્યા - વિશુધ્ધિ- ઈન્દ્રિય અવધિ -વિષયતઃ અધિકાઃ

ઉપર જણાવેલ બાર દેવલોક, નવગ્રૈવેયક તથા પાંચ અનુત્તર દેવલોકના દેવો નીચે જણાવેલ સાત બાબતોમાં ક્રમશઃ અધિક અધિક હોય છે.

(૧) સ્થિતિ એટલે આયુષ્ય

(૨) પ્રભાવ એટલે શક્તિ, લબ્ધિ

(૩) સુખ એટલે હર્ષ, પ્રીતી

(૪) ધ્યુતિ એટલે મુખ, દેહ ની કાંતિ

(૫) લેશ્યા એટલે પરિણામની ધારા

(૬) વિશુધ્ધિ એટલે કષાયોની મંદતા

(૭) ઈન્દ્રિય અવધિ એટલે ચક્ષુ વગેરે ઈન્દ્રિયોની જોવાની શક્તિ. ઉપર ઉપર ના દેવોને અવધિ જ્ઞાન વિશુધ્ધ અને વિશેષ હોય છે. ઉપર ઉપરના દેવો અવધિજ્ઞાન વડે નીચે નીચેની પૃથ્વીઓને વધુ ને વધુ જોઈ શકે છે. એમ ક્રમશઃ વધતા. અનુત્તર દેવો સંપૂર્ણ ત્રસનાડી (લોકનાડી) ને અવધિજ્ઞાનથી જોઈ શકે છે.

## ૪- ૨૨ ગતિ - શરીર - પરિગ્રહાભિમાનતો હીનાઃ

ગતિ - શરીર - પરિગ્રહ - અભિમાનતઃ હીનાઃ

ઉપર ઉપરના દેવલોકના દેવો ગતિ - શરીર - પરીગ્રહ તથા અભિમાન ક્રમશઃ ઓછા ઓછા હોય છે.

ગતિ : સામાન્ય રીતે દેવો નીચે ત્રીજી પૃથ્વી સુધી જઈ શકે છે. વધુ નીચેની પૃથ્વી સુધી જવાની શક્તિ હોવા છતાં, સામાન્ય રીતે ત્રીજી પૃથ્વીથી આગળ જતા નથી. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરના દેવો તો કદી પણ પોતાના વિમાનથી બહાર જતા જ નથી.

ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી તત્વાર્થાધિગમ સુત્ર
અધ્યાય ૪: (૪:૨૨-૪:૨૭)

૪-૨૨ (ચાલુ)

શરીર : શરીરનું પ્રમાણ નીચે પ્રમાણે છે.

| દેવલોક | કેટલા હાથ ઊંચુ શરીર ? |
|---|---|
| સૌધર્મ- ઈશાન | સાત હાથ |
| સનત્કુમાર- માહેન્દ્ર | છ હાથ |
| બ્રહ્મલોક- લાંતક | પાંચ હાથ |
| મહા શુક્ર - સહસ્ત્રાર | ચાર હાથ |
| ૯ થી ૧૨ દેવલોકમાં | ત્રણ હાથ |
| નવ ગ્રૈવેયક | બે હાથ |
| અનુત્તર | એક હાથ |

ઉપર ઉપરના દેવલોકમાં પરિગ્રહ ઓછો હોય છે. અવધિજ્ઞાન તથા ઈંદ્રિયશક્તિ અધિક અધિક હોવા છતાં અભિમાન અલ્પ હોય છે.

## ૪- ૨૩ પીત - પદ્મ - શુક્લ લેશ્યા દ્વિ - ત્રિ - શેષેષુ

બે -ત્રણ અને બાકીના દેવલોકમાં અનુક્રમે પીત , પદ્મ અને શુક્લ લેશ્યા હોય છે.

પ્રથમ.બે દેવલોકમાં પીત લેશ્યા, પછીના ત્રણ દેવલોકમાં પદ્મ લેશ્યા અને છઠ્ઠાથી માંડીને અનુત્તર સુધીના સર્વ દેવલોકમાં શુક્લ લેશ્યા હોય છે. આ લેશ્યાઓ શારીરિક વર્ણનું સુચન કરે છે. ભાવથી તો છએ પ્રકારની લેશ્યા હોય છે.

## ૪- ૨૪ પ્રાગ ગ્રૈવેયકેભ્યઃ કલ્પાઃ

નવ ગ્રૈવેયક દેવોની નીચેના ( પૂર્વના ) સર્વે દેવો કલ્પવાસી અર્થાત કલ્પોપપન્ન કહેવાય છે. નાના મોટાની મર્યાદાવાળા છે. તેથી તેઓને કલ્પ (આચાર )થી ઉપપન્ન (યુક્ત) કહેવાય છે. કલ્પાતીત દેવોમાં સામાજિક ભેદ નથી.

## ૪- ૨૫ બ્રહ્મ લોકાલયા લોકાન્તિકાઃ

લોકાન્તિક દેવો બ્રહ્મલોક (પાંચમો દેવલોક) ની બાજુમાં રહેનારા છે. બ્રહ્મલોકના અંતે ચાર દિશામાં ચાર વિમાનો, ચાર વિદિશામાં ચાર વિમાનો અને એક મધ્યમાં એમ નવ વિમાનો આવેલા છે. આથી તેમના નવ ભેદ છે. લોકાંતિક દેવો એકાવતારી હોય છે. લોકનો (સંસારનો) અંત કરનારા હોય છે અર્થાત ત્યાંથી આવી મનુષ્ય ભવમાં આવીને પછી મોક્ષમાં જાય છે. જ્યારે તીર્થંકર ભગવંતનો પ્રવ્રજ્યાકાળ (દીક્ષા) આવે ત્યારે નવ લોકાંતિક દેવો તેમની પાસે આવીને તીર્થ પ્રવર્તાવવા માટે વિનંતિ કરે છે.

## ૪- ૨૬ સારસ્વતા - ऽऽદિત્ય - વહ્.ય્રુણ - ગર્દતોય - તુષિતાऽવ્યાબાધ - મરૂતઃ અરિષ્ટાઃ ચ

સારસ્વત - આદિત્ય - વહ્નિ - અરૂણ - ગર્દતોય - તુષિત - અવ્યાબાધ - મરૂતઃ અરિષ્ટાઃ ચ

સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરૂણ, ગર્દતોય તુષિત, અવ્યાબાધ, મરૂત અને અરિષ્ટ એમ નવ પ્રકારના લોકાંતિક દેવો છે.

## ૪- ૨૭ વિજ્યાદિષુ દ્વિચરમાઃ

વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત એ ચાર અનુત્તરવાસી દેવો મનુષ્યના બે ભવો કરીને મોક્ષે જાય છે. એકવાર વિજયાદિમાં ગયેલો જીવ ત્યાંથી આવી મનુષ્યમાં આવી ફરીથી વિજયાદિમાં જન્મી ત્યાંથી આવી પુનઃ મનુષ્યમાં આવીને મોક્ષે જાય છે. આ રીતે મનુષ્યના બે ભવો કરે છે. પરંતુ સર્વાર્થસિધ્ધ વિમાનના દેવો નિયમા એકાવતારી હોય છે.